ફોજદારી કેસ નં.

**આંક–૦૧ લગત હુકમ.**

1. હાલના કામે પોલીસ દ્વારા આરોપી સામે મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫ મુજબના ગુનાના કામે પ્રથમ બાતમી અહેવાલ નોંધી તપાસના અંતે આખરી અહેવાલ–ચાર્જશીટ રજુ કરેલ છે.

2. આ તબક્કે નામદાર કેરેલા હાઇકોર્ટના ***Mehaboob Vs. The State (CrL.MC.No.702 of 2011)*** ના ચુકાદાના પેરા–૧૧ જે સરળતા સારૂ નીચે નોંધેલ છે તે ધ્યાને લેવા જરૂરી બને છે.
   ***Para.11*** *The above discussion leads me to the conclusion that cognizance taken by the learned Magistrate of offences punishable under Secs.184 and 185 of the code on a chargesheet submitted by the police officer after an investigation in violation of Sec.155(2) of the code is illegal and for reasons I have stated, the said chargesheet cannot also be deemed to be complainant as defined under Sec.2(d) of the Code. Cognizance taken being illegal to be quashed.*

3. નામદાર કેરેલા હાઇકોર્ટ ઉપરોક્ત ચુકાદામાં ઠરાવ્યા પ્રમાણે એમ.વી.એકટ–૧૮૫ એ નોન–કોગ્નીઝેબલ ગુનો હોઇ પોલીસે તપાસ સારૂ ભારતીય ફોજદારી કાર્યરીતી સહીંતાની કલમ–૧૫૫(૨) મુજબ સંબંધિત જ્યુ.મેજીસ્ટ્રેટની પુર્વ મંજુરી લેવી જરૂરી બને છે. આ કામે રેકર્ડ જોતા સદર મંજુરી મેળવેલ ના હોઇ હાલની પોલીસે કરેલી તપાસ અને તે પરથી કરેલ ચાર્જશીટ ભારતીય ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૧૫૫(૨) ધ્યાને લેતા તેમજ નામદાર કેરેલા હાઇકોર્ટના ચુકાદાના પ્રતિપાદીત સિદ્ધાંત ધ્યાને લેતા દુર્ષિત બને છે.

4. આમ, ઉપરોક્ત હકિકતે આરોપી વિરૂદ્ધ આક્ષેપ એમ.વી.એકટની કલમ–૧૮૫ નો હોય અને ભારતીય ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૧૫૫(૨) ની જોગવાઇ તેમજ નામદાર કેરેલા હાઇકોર્ટના ***Mehaboob Vs. The State (CrL.MC.No.702 of 2011)*** ના ચુકાદાના ઉપરોક્ત નોંધેલ પ્રતિપાદિત સિદ્ધાંત ધ્યાને લેતા કાર્યવાહિ આગળ ચલાવી શકાય તેમ ન હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

હાલનાં આખરી અહેવાલ–ચાર્જશીટ ના આધારે ઉત્પન્ન થયેલ ઇન્સાફી કાર્યવાહી ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૧૫૫(૨) ની જોગવાઇ બાધીત હોય આગળની કાર્યવાહી ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૫૮ મુજબ સ્થગીત કરી આરોપીને છોડી (ડીસ્ચાર્જ) મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

કબજે કરેલ મુદ્દામાલ અંગે માલીકીની કે કબજેદાર અંગેની ખરાઈ કરી પરત કરવો.

**સ્થળ : સુરત**
**તા.૨૬/૦૬/૨૦૨૨**

**(રશ્મિકાંત રામચંદ્ર બારીઆ)**
**નવમાં જ્યુ.મેજી.ફર્સ્ટ કલાસ, સુરત.**